# રાષ્ટ્રીય ટેકનોલોજી દિવસની ઉજવણી કરવામાં આવી

## નિસર્ગ સેન્ટર અને જેડા દ્વારા ટેકનોલોજી દિવસની વિદ્યાર્થીઓને માહિતી પુરી પાડવામાં આવી

ગાંધીનગર, તા. ૧૧

સમગ્ર દેશમાં આજે રાષ્ટ્રીય ટેકનોલોજી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા ટેકનોલોજી ફોર ફ્યુચર થીમ પર વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. જેમાં નિસર્ગ સેન્ટર અને સેંટ ઝેવિયર્સ ખાતે ઉર્જા મિત્ર વાન દ્વારા વિદ્યાર્થીઓને રસપૂર્વક માહિતી આપવામાં આવી હતી.

નિસર્ગ સાયન્સ સેન્ટર અને ગુજરાત ઉર્જા વિકાસ એજન્સી દ્વારા નગરના વિદ્યાર્થીઓ અને વાલીઓ ટેકનોલોજીને સમજે અને ઉપયોગ કરે તે હેતુથી ઉર્જા મિત્રવાનનું ડેમોસ્ટ્રેશન યોજવામાં આવ્યું હતું. આ ડેમોસ્ટ્રેશન સવારે ૮.૦૦ વાગ્યાથી પ્રથમ નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે યોજાયું હતું. જેમાં નિસર્ગના ટ્રસ્ટી અનિલભાઈ પટેલે વિદ્યાર્થીઓને હેમરેડિયો, પવન ચક્કીની માહિતી આપી હતી.

તેમજ આકસ્મિક આવતી કુદરતી આફતના સમયે જ્યારે તમામ પ્રકારનું કોમ્યુનિકેશનની ટેકનોલોજી બંધ થઈ જાય ત્યારે શુ પગલા ભરવા જોઈએ અને કેવી રીતે સામનો કરવો જોઈએ તેની માહિતી પુરી પાડી હતી.

સેંટ ઝેવિયર્સ સેક્ટર-૮ ખાતે સવારે ૧૧.૦૦ વાગે ઉર્જા મિત્ર વાનનું ડેમોસ્ટ્રેશન યોજાયું હતું. જેમાં કલરવ વર્કશોપના ૨૫૦ બાળકો અને તેમના વાલીઓએ આ વાનને નિહાળી હતી અને તેમાં મુકવામાં આવેલા યંત્રોની માહિતી મેળવી હતી. આ વાનમાં પવનચક્કી, સોલર પ્લેટ કેવી રીતે વીજળી આપે છે તેમજ આ ઉત્પન્ન થયેલી વીજળી બિલકુલ મફત પેદા કરી શકીએ છીએ. આ કાર્યક્રમમાં જેડાના ભરતભાઈ અધ્વર્યુ, નરેશ ઠાકર, ગિતેષભાઈ પટેલ અને સાયન્સ સેન્ટરના શિવાંગ પટેલ અને હાર્દિક મકવાણા ઉપસ્થિત રહ્યા હતા.






# આજે ગાંધીનગરમાં સેનવા-રાવત સમાજનો તેરમો સમૂહ લગ્નોત્સવ યોજાશે

## ૨૧ નવયુગલો પ્રભુતામાં પગલા પાડશે અને રાજકીય અગ્રણીઓ ઉપસ્થિત રહેશે

ગાંધીનગર, તા. ૧૧

સમગ્ર ગુજરાત સેનવા-રાવત વિકાસ સંઘ દ્વારા તેરમો સમૂહ લગ્નોત્સવ આજરોજ યોજવામાં આવશે. સમૂહ લગ્નમાં ૨૧ યુગલો પ્રભુતામાં પગલા પાડશે. ગુજરાતના રાજકીય અગ્રણીઓ ઉપસ્થિત રહી નવદંપતિઓને આશીર્વાદ આપશે.

રાજ્યમાં વસતા સેનવા-રાવત સમાજમાં વિકાસ માટે પ્રયત્નશીલ રહેતી સંસ્થા ગુજરાત સેનવા-રાવત વિકાસસંઘ દ્વારા સમાજનો તેરમો સમૂહ લગ્નોત્સવ યોજવામાં આવશે. આજરોજ સેક્ટર-૧૭ ટાઉનહોલ સામેની લોનમાં યોજાનાર સમૂહ લગ્નોત્સવમાં ૨૧ યુગલો પ્રભુતામાં પગલા પાડશે. સમૂહ લગ્નમાં સવારે ૭.૩૦ કલાકે ગૃહશાંતિ કરવામાં આવશે. ૮.૩૦ વાગે સંસ્થા દ્વારા જાન આગમન અને ૯.૩૦ કલાકે લગ્નવિધિ તેમજ સાંજે ૪.૩૦ કલાકે જાન વિદાય કરવામાં આવશે. સમૂહ લગ્નમાં ગુજરાત પ્રદેશ પૂર્વ પ્રમુખ પુરષોત્તમ રૂપાલા, રાજ્યસભાના સભ્ય શંભુપ્રસાદ ટુંડિયા, રાજ્યના મંત્રી રમણભાઈ વોરા, પ્રજાપિતા બ્રહ્માકુમારીના સંચાલિકા કૈલાશદીદી, સંસદસભ્ય કિરીટ સોલંકી ઉપસ્થિત રહેશે.

તેમજ દાતાઓ, સમાજના અગ્રણીઓ, સમાજના ભજનીક કલાકારો, સંતો મહંતોની ઉપસ્થિતિમાં મંત્રી રમણભાઈ વોરાના હસ્તે 'રાવત દર્પણ' અંકનું વિમોચન કરવામાં આવશે. આ અંકનો સફળતા અપાવવા માટે ધારાસભ્ય પૂનમ મકવાણા, સંસ્થાના મહામંત્રી રમેશભાઈ ગુંજેટીયા, ડીરેક્ટર ચંદન રાણા, અમૃતભાઈ પરમાર સહિતના આગેવાનોએ સહયોગ પુરો પાડ્યો છે.

તેરમાં સમૂહ લગ્નમાં ગાંધીનગરમાં વસતા રાવત પરિવારો તેમજ અન્ય જ્ઞાતિજનોને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા સંસ્થાના મહામંત્રી રમેશભાઈ ગુંજેટીયાએ જણાવ્યું છે.

# હાટકેશ્વર મહાદેવ નરેન્દ્ર મોદીના આરાધ્ય દેવ છે

## આરાધ્ય દેવ અને ઈષ્ટ દેવ વચ્ચેનો ભેદ સમજવો જરૂરી છે : નરેન્દ્ર મોદી પ્રત્યે નાગરોને કોઈજ અણગમો નથી : નરેશ રાજા

ગાંધીનગર, તા. ૧૧

સમગ્ર ગુજરાત નાગર પરિષદના પ્રમુખ નરેશ રાજાએ નરેન્દ્ર મોદી દ્વારા વારાણસી અને વડનગરના હાટકેશ્વર મહાદેવના મંદિરોના ઉલ્લેખ સાથે હાટકેશ્વર ભગવાનને તેમના ઈષ્ટદેવ ગણાવ્યા હોવાના વિવાદને ભૂલ ભરેલો ગણાવતા હાટકેશ્વર ભગવાન સમગ્ર વડનગરવાસીઓના આરાધ્ય દેવ હોવાનું જણાવ્યું છે. આ સાથે તેમણે નાગરો નરેન્દ્ર મોદીથી આ મુદ્દે નારાજ નથી તેવી સ્પષ્ટતા પણ કરી છે.

યોગાનુયોગ મળેલ સમગ્ર ગુજરાત નાગર પરિષદની મીટીંગમાં આ મુદ્દાનો ઉલ્લેખ થતા હાજર નાગરજનોએ હાટકેશ્વર મહાદેવે સમગ્ર વડનગરના નાગર બ્રાહ્મણો અને નાગર વણિકોના ઈષ્ટદેવ છે. પરંતુ સમગ્ર વડનગરવાસીઓના આરાધ્ય દેવ પણ છે તેવો સૂર વ્યક્ત કરાયો હતો. આ બેઠકમાં ભાજપના વડાપ્રધાનપદના ઉમેદવાર અને ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ કરેલા ઉચ્ચારણોનો અર્થ સમજ્યા વિના વિવાદ ઉભો કરાયો હોવાની સ્પષ્ટતા કરાઈ હતી.

નાગરોના મતે નરેન્દ્ર મોદીના પોતાના શબ્દો મુજબ તેઓ રાત્રે ૧૦ વાગ્યા બાદ વડનગરના હાટકેશ્વર મહાદેવના દેરામાં આવેલ લાઈટના સહારે વાંચન અભ્યાસ કરતા હતા. આનો મતલબ એ છે કે તેઓ હાટકેશ્વર ભગવાનને આરાધ્ય દેવ માનીને આરાધના કરતા હતા તેથી આ સ્થાને પહોંચી શક્યા છે. આમ આરાધ્યદેવ અને ઈષ્ટદેવ એ બે શબ્દો વચ્ચેનો ભેદ સમજવાની જરૂર છે. હાટકેશ્વર ભગવાન ભલે નાગર બ્રાહ્મણો અને નાગર વણિકોના ઈષ્ટદેવ હોય પરંતુ સમસ્ત ભક્તોના આરાધ્ય દેવ હોઈ શકે છે માટે નાગરોને નરેન્દ્ર મોદી પ્રત્યે કોઈ જ વાંધો નથી તેવો આ બેઠકમાં મત વ્યક્ત કરાયો હતો.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

# કૌભાંડી દિનેશના કેનેડા રહેતા સાગરીત સામે લુક આઉટ નોટીસ જારી કરાશે

## કાયમી વિઝાના બહાને કરોડોનું ચીટીંગ કરનાર મુખ્ય સૂત્રધારને તેના જ સાગરીતે ચૂનો લગાવી દીધો હોવાની કેફિયત : અગાઉ ઘણા કામ કરાવ્યા હોવાનું દિનેશનું નિવેદન

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર સે.૧૬ ખાતે આવેલી ઓમ ઈમિગ્રેશનના માલિક સહીત કર્મચારીઓ એ મળીને ગાંધીનગર તથા આસપાસના લોકોને કેનેડા ના કાયમી વિઝા અપાવી દેવાની લાલચ આપીને કરોડો રૂપિયાનું કૌભાંડ આચર્યુ હોવાની પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. સમગ્ર તપાસ એલ.સી.બી ને સોંપાયા બાદ ઓમ ઈમિગ્રેશનના કૌભાંડી સંચાલક દિનેશ પટેલની એલ.સી.બી ની ટીમે ધરપકડ કરી આરોપીને કોર્ટમાં રજુ કરતા ૮ દિવસના રિમાન્ડ મંજુર થયા હતા. કેનેડા રહેતો તેનો ગુજરાતી સાગરીત જ દિનેશનું કરોડોનું કરી ગયો હોવાની કેફિયત આરોપીએ આપતા હવે કેનેડાના સાગરીત સામે લુક આઉટ નોટીસ પોલીસ જારી કરશે તેવું સુત્ર તરફથી જાણવા મળ્યું છે.

શહેરના સેકટર-૧૬માં આવેલી ઓમ ઈમિગ્રેશન ની ઓફીસમાં બેસતા માલિક દિનેશ મણીભાઈ પટેલ તથા તેમાં કામ કરતા માણસો મળીને છ જણાએ કેનેડાના કાયમી વિઝા અપાવી દેવાની લાલચ આપીને કેટલાય લોકોને લાખો રૂપિયામાં સુવડાવી દઈ કરોડોનું કૌભાંડ આચર્યુ હોવાનું બહાર આવતા પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. કૌભાંડ બહાર પડતા અન્ય ભોગ બનનાર વ્યક્તિઓએ પણ સે.૨૧ પોલીસ નો સંપર્ક સાધ્યો હતો. સમગ્ર કૌભાંડ ની તપાસ ચલાવતી સે.૨૧ પોલીસ ધીમી ગતિએ તપાસ કરતી હતી જેને પગલે એલ.સી.બી ને તપાસ સોપવામાં આવતા એલ.સી.બી એ તપાસ શરુ કરી હતી. નાસતા ફરતા કૌભાંડી મુખ્ય સુત્રધાર દિનેશ પટેલ ની એલ.સી.બી ની ટીમે ધરપકડ કરી કોર્ટમાં રજુ કરતા ૮ દિવસના રીમાન્ડ કોર્ટે મંજુર કર્યા હતા. પૂછપરછ માં -નથમિક તબક્કામાં બહાર આવ્યું હતું કે ગાંધીનગરમાં પહેલા રહેતો અને ઘણા સમયથી કેનેડામાં સ્થાયી થયેલો દિનેશનો એક ગુજરાતી મિત્ર આ વહીવટ કરતો હતો. પહેલા કેનેડાના કાયમી વિઝાના ઘણા કામ કરાવી દીધા બાદ હમણાથી તેણે પૈસા લઈ લીધા બાદ સંપર્ક તોડી નાંખીને દિનેશનું કરી નાખ્યું હોવાની કેફિયત પોલીસ સમક્ષ દિનેશ આપી રહ્યો છે. જો કે આમાં કેટલી સચ્ચાઈ છે તેની તપાસ પણ પોલીસે શરુ કરી છે અને કેનેડાના તે સાગરીત સામે લુક આઉટ નોટીસ પણ જારી કરવા તજવીજ શરુ કરી દેવામાં આવી છે.

# ચંદ્રાલા પાસેથી દારૂ - બીયર પકડાયો

## દારૂનો જથ્થો ભરેલું કન્ટેનર અમદાવાદ પહોંચાડીને ફોન કરવાનો ડ્રાઈવરને હુકમ થયેલો : દારૂ - બીયર ભરેલા કન્ટેનરની હેરાફેરીમાં પકડાયેલા ડ્રાઈવરનો ઘટસ્ફોટ : માલ ક્યાં મોકલવાનો હતો તે માત્ર માલિક જ જાણતો હતો

ગાંધીનગર, તા. ૧૧

હરિયાણામાંથી ગુજરાત રાજયમાં વિદેશી દારૂ-બીયરના મોટા જથ્થાને ઘુસાડવા થતી હેરાફેરીની બાતમીને આધારે ગાંધીનગર આર.આર.સેલ તથા એલ.સી.બી ની ટીમે ચિલોડા નજીક ચંદ્રાલા ગામના પાટિયા પાસે હાઈવે પર વોચ ગોઠવીને એક કન્ટેનર દારૂ-બીયરના જથ્થા સાથે ઝડપી પડ્યું છે. પોલીસે ૧૦.૫૩ લાખ નો દારૂ-બીયરનો જથ્થો તથા કન્ટેનર મળીને રૂ.૨૦.૫૩ લાખના મુદ્દામાલ સાથે ડ્રાઈવરની ધરપકડ કરી લીધી હતી. અમદાવાદ પહોંચીને ફોન કરવા ડ્રાઈવરને હુકમ કરવામાં આવ્યો હતો. માલ ક્યાં મોકલવાનો હતો તે માત્ર માલિક જ જાણતો હતો. તે પકડાય ત્યારે બધી વિગતો બહાર આવી શકે તેમ છે.

ગાંધીનગર આર.આર.સેલના પી.એસ.આઈ બોડાણા તથા તેમની ટીમ અને ગાંધીનગર એલ.સી.બી પી.આઈ આશુતોષ પરમાર તથા તેમની ટીમે બાતમી આધારે આજે બપોરના અરસામાં ચિલોડા-હિંમતનગર હાઈવે પર ચંદ્રાલા ગામની સીમ માં શિવશક્તિ હોટેલ સામે વોચ ગોઠવી હતી. બાતમી વાળી દારૂ-બીયર ભરેલી કન્ટેનર ત્યાંથી પસાર થતા પોલીસે રોકાવી દઈ કન્ટેનર ખોલીને તેની અંદર શું ભર્યું છે તેની તપાસણી કરી હતી. કન્ટેનરમાં મકાન બદલવા માટે સામાન પેક કરીને લઈ જવાતો હોય તેમ ઘરવખરી નો સામાન પેક કરેલો હતો. સ્કુટર,બાઈક, પલંગ સહિતનો સામાન બહાર કાઢીને અંદર તપાસ કરતા દારૂ-બીયરની પેટીઓ મળી આવી હતી. ઘરવખરીના સામાનના ઓથા હેઠળ વિદેશી દારૂની મોટા પાયે થતી હેરાફેરીનું રેકેટ ખુલ્લું પડી ગયું હતું. પોલીસે ૧૮૪૮ નંગ વિદેશી દારૂની બોટલો તથા ૧૬૫૬ નંગ બીયરના ટીન મળીને ૩૫૦૪ નંગ દારૂ-બીયર નો રૂ.૧૦,૫૩, ૬૦૦ ની કિંમત નો જથ્થો તથા કન્ટેનર મળીને કુલ રૂ. ૨૦,૫૩, ૬૦૦ નો મુદ્દામાલ જપ્ત કરીને હરિયાણાના કન્ટેનર ચાલક યુસુફ સાહબાન મીર ની ધરપકડ કરી લીધી છે. તેની પૂછતાછમાં કન્ટેનર માલિક દિલ્હીનો શૈલેન્દ્ર જાટ હોવાનું ખુલ્યું છે. દારૂ ક્યાંથી ક્યાં કઈ જવાતો હતો અને કોનો માલ હતો તે સહિતની વિગતો બહાર લાવવા પોલીસે પકડાયેલા યુસુફની પૂછપરછ કરી પરંતુ તેને અમદાવાદ જઈને ફોન કરવાનો આદેસ આપવામાં આવ્યો હતો. ડ્રાઈવર જાણતો ન હતો કે અમદાવાદ જઈને કોને માલ આપવાનો હતો. દિલ્હીનો શૈલેન્દ્ર જાટ આ માલ ક્યાં મોકલવાનો હતો તે જાણતો હતો. હવે તે પકડાય ત્યારે મોટા બુટલેગરોના નામ બહાર આવે તેવી શક્યતા છે.



શ્રી સૌરાષ્ટ્ર-લુહાર સુથાર મહામંડળ દ્વારા સિનિયર સિટીઝન (વરિષ્ઠ નાગરિકો) કે જેમની વય ૭૫ વર્ષ ઉપર હોય તેવા ૫૦ સમાજના સન્માનિય વ્યક્તિઓનું સન્માન કરવાનો કાર્યક્રમ શ્રી સૌરાષ્ટ્ર-લુહાર સુથાર જ્ઞાતિ મંડળની વાડી શાહપુર અમદાવાદ ખાતે યોજાઈ ગયો. જેમાં સર્વે સન્માનિય વડીલોને પુષ્પગુચ્છ, પ્રમાણ પત્ર અને સ્મૃતિભેટ તરીકે ગીતા આપવામાં આવી તેમજ સર્વને શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યા. આ સામાજીક કાર્યક્રમને સફળ બનાવવા બદલ પ્રમુખ ચંદ્રેશભાઈ મિસ્ત્રીએ સર્વે કારોબારી અને જ્ઞાતિજનોનો આભાર માન્યો હતો. (તસવીર : કશ્યપ નિમાવત)

# ડી-માર્ટમાં ખરીદી સાથે ફ્રી આપવાની થેલીમાં પણ ત્રણ થી પાંચ રૂપિયા વસુલાય છે

## રોજબરોજના ઘરવપરાશની ચીજવસ્તુઓ ખરીદ્યા પછી પણ પ્લાસ્ટીકની થેલીનો ચાર્જ લેવાતા ગ્રાહકોમાં કચવાટ સાથે અસંતોષ : સોના-ચાંદીથી માંડી શાકભાજીવાળા પણ પ્લાસ્ટીકની થેલી મફત આપે છે

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગરમાં હમણા હમણા ચાલુ થયેલ શોપીંગ મોલ ડી-માર્ટમાં ગ્રાહકોને ખરીદી કર્યા પછી સામાન લઈ જવા માટે પ્લાસ્ટીકની થેલીના પણ પૈસા વસુલ કરાય છે. ઘરવપરાશની લગભગ દરેક વસ્તુ આ મોલમાં મળતી હોવાથી દરેક ગ્રાહક એકથી વધુ જ ચીજવસ્તુઓની ખરીદી કરી નીકળતા હોવાથી ઝભલા થેલી વગર પરેશાન થાય છે અને ના છુટકે મોલમાંથી થેલીની પણ ખરીદી કરવી પડે છે. આ કોથળીના રૂપિયા ત્રણ થી પાંચ અલગથી વસુલાય છે.

સેકટર-૨૬ની જીઆઈડીસી એરીયામાં આવેલ ગાંધીનગરના આ સૌથી મોટા શોપીંગ મોલમાં ગ્રાહકોને કડવો અનુભવ થઈ રહ્યો છે. શહેરના લગભગ દરેક વેપારી ખાસ કરીને કરિયાણુ, કાપડ અને અન્ય ઘરવપરાશની ચીજવસ્તુઓનું વેચાણ કરતી દુકાન ધરાવતા હોય તેઓ તમામ ગ્રાહકોને ખરીદી કર્યા પછી ગ્રાહક સરળતાથી સામાન લઈ જઈ શકે તે માટે પ્લાસ્ટીકની થેલી વિના મૂલ્યે આપતા હોય છે. સોના-ચાંદીના દાગીનાથી લઈને શાકભાજીના લારીવાળા સુદ્ધા આ સગવડ આપે છે. પરંતુ ડી-માર્ટ જેવા મસમોટા મોલમાં લોકો ખરીદી કરવા રીતસરનો ઘસારો કરી રહ્યા હોવા છતાં એક ગ્રાહકને આપવાની સેવાના ભાગરૂપે પણ પ્લાસ્ટીકની ઝભલાથેલીની સવલત અપાતી નથી જેની કિંમત ખૂબ જ નજીવી હોય છે. આ ઉપરાંત આ થેલી દ્વારા વેચાણકર્તાની જાહેરાત તો થતી જ હોય છે. કારણ કે તેના પર તેમની જાહેરાત છાપેલી હોય છે.

ડી-માર્ટ જેવા મોટા મોટા ચેઈન શોપીંગ મોલમાં તેમની જથ્થાબંધ ખરીદી અને હરિફાઈ માટેની વ્યુહરચનાના ભાગરૂપે મોટાભાગની ચીજવસ્તુઓમાં ખૂબ જ ઓછા ભાવ રાખી નાના વેપારીઓને હરિફાઈથી દૂર કરવા પ્રયાસ કરાતા હોય છે. જાણીતી ચીજસ્તુઓના ઓછા ભાવ રાખવાને કારણે સ્વાભાવિક રીતે ગ્રાહક તેમના તરફ આકર્ષાય છે અને તેના કારણે નાના વેપારીના ધંધારોજગાર ભાંગી પડે છે. કેટલીક અટપટી સ્કીમ અને બચત યોજનાઓના નામે તેમજ કેટલીક ઓછી જાણીતી ચીજવસ્તુઓમાં વધુ ભાવ રાખીને નફાનું પ્રમાણ સેટ કરી લેવાનું હોય છે અને આકર્ષક સ્કીમોના કારણે ગ્રાહક જરૂર કરતા વધુ પડતી ચીજવસ્તુઓ ખરીદી લાવે છે. તેથી ભોળા ગ્રાહકને ખબર જ રહેતી નથી. જો કે આજકાલ આ મોલ દ્વારા 'કેરીબેગ'ના નામે થેલીના પૈસા વસુલાતા હોવાથી ભારે અસંતોષ ફેલાઈ રહ્યો છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૬
સૂર્યાસ્ત : ૭.૦૫

## તાપમાન

મહત્તમ : ૪૦.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૪.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૫ ટકા ● સાંજે ૨૩ ટકા

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :
મીલીઓન ડૉલર આર્મ : ૧૨.૦૦, ૨.૩૦, ૭.૩૦, ૧૦.૦૦
સ્પાઈડરમેન-૨ (૩ડી-અંગ્રેજી) : ૪.૪૫
: સ્ક્રીન-૨ :
મસ્તરમ : ૧૦.૦૦, ૧૨.૪૫, ૪.૩૦
યે હૈ બકરાપુર : ૪.૩૦
૨ સ્ટેટસ્ વન લવ : ૭.૧૫
કોયેલાનચલ: ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
હવાહવાઈ : ૧૦.૦૦, ૧૨.૧૫, ૨.૩૦, ૧૦.૧૫
કોયેલાનચલ: ૪.૪૫, ૭.૩૦
: સ્ક્રીન-૪ :
હવાહવાઈ : ૨.૩૦
કોયેલાનચલ : ૫.૦૦
૨ સ્ટેટસ્ વન લવ : ૭.૦૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
મીલીઓન ડૉલર આર્મ(અંગ્રેજી) : ૯.૩૦,૨.૧૦,૨.૫૦,૫.૩૦,૭.૪૫, ૧૦.૨૫
: સ્ક્રીન-૨ :
સ્પાઈડરમેન-૨ ૩ડી (હિન્દી) : ૯.૪૫,૧૨.૪૫,૪.૦૦,૧૦.૧૫
૨ સ્ટેટસ : ૭.૦૦
: સ્ક્રીન-૩ :
હવાહવાઈ: ૯.૧૫, ૧૧.૫૦, ૨.૨૫, ૫.૦૦, ૭.૩૫, ૧૦.૧૦
: સ્ક્રીન-૪ :
મસ્તરામ : ૧૦.૩૦, ૧૨.૪૫, ૩.૦૦, ૮.૩૦, ૧૦.૪૫
૨ સ્ટેટસ્ : ૫.૧૫

### સૂર્યા સિનેમા (વાવોલ)

પ્રેમને અર્પણ મારી જીંદગી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
કોયલાનચલ : ૧૦.૩૦, ૪.૩૦, ૧૦.૦૦
હવાહવાઈ : ૧.૩૦, ૭.૩૦
: સ્ક્રીન-૨ :
સ્પાઈડર મેન-૨ : ૧૦.૧૫, ૪.૧૫, ૧૦.૧૫
કોયલાનચલ : ૭.૧૫
: સ્ક્રીન-૩ :
હવાહવાઈ : ૧૦.૦૦, ૫.૩૦, ૧૦.૦૦
મસ્તરામ : ૧૨.૩૦, ૮.૦૦

## આપની આજ

**મેષ** : કોઈ અટકેલું કાર્ય પૂર્ણ થવાથી આનંદ પ્રાપ્ત થશે. વ્યાપાર-વ્યવસાયિકમાં કાર્યક્ષેત્રનો વિકાર અને વ્યાપારિક મુશ્કેલીઓ દૂર થઈ શકશે. નવા કાર્યોમાં સફળતા પ્રાપ્ત થશે.

**વૃષભ** : પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થશે. સંબંધ પ્રત્યે વિશેષ સાવધાની રાખવી પડેશે. કૌટુંબીક પ્રશ્નોનું નિરાકરણ આવી શકશે. વ્યાપાર તથા નોકરીમાં ચિંતા દૂર થશે.

**મિથુન** : કર્મક્ષેત્રમાં વિસ્તાર સંબંધી કાર્યો થશે. કાર્યમાં સમયને મહત્વ ન આપવાને કારણે માનસિક કલેશ થઈ શકે છે. મતભેદોથી દૂર રહીને શાંતિપૂર્ણ રીતે તાર્ય કરવું. કૌટુંબિક જીવનમાં સુખ- સમૃદ્ધિ બની રહેશે.

**કર્ક** : વ્યાપારિક ભાગીદારીમાં ચિંતન તથા પુનવિચાર કરવો યોગ્ય રહેશે. આપે કરેલ અથાગ પ્રયત્નોનો ઓછો લાભ મળી શકે છે. નકામો તનાવ, મુશ્કેલીઓ બની રહેવાની સંભાવના છે.

**સિંહ** : આર્થિક ક્ષેત્રોમાં ભાગ્યવર્ધક પ્રવૃત્તિઓમાં આવકમાં વૃદ્ધિ કરશે. નોકરીમાં આધીનોનો સહયોગ મળશે. ધર્મમાં આસ્થામાં વધારો થશે. લાભનો માર્ગ મોકળો બનશે.

**કન્યા** : સમસ્યાઓનો ઉકેલ મેળવી શકાશે. આપને સંતાનને રોજગારના ક્ષેત્રે ઉન્નતિ થવાના સમાચાર પ્રાપ્ત થઈ શકે છે. આવકના નવા સાધનો પ્રાપ્ત થઈ શકે છે.

**તુલા** : પ્રયત્ન જરૂરી છે. કાર્યની ગતિ ઉત્તમ રહેશે. ખાનપાનમાં ગડબડીથી પેટની તકલીફ થઈ શકે છે. શારીરિક સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું. ઋતુ પ્રમાણે આહાર લેવો વિશેષ યાત્રા-પ્રવાસનો યોગ બની રહ્યો છે.

**વૃશ્ચિક** : આર્થિક લાભની તક પ્રાપ્ત આવશે. તમારા કાર્યોની પ્રશંસા થશે. આપને આજે ઋણથી મુક્ત થઈ શકશો. કુટુંબના સભ્યો તથા મિત્રોનો સાથ સહકાર મળી રહેશે.

**ધન** : સામાજિક માન સન્માનમાં વધશે. વ્યવસાયિક લાભ અને સુખ -સમૃદ્ધિમાં વધારો થઈ શકે છે. તમારી મિલનસારિતા અને ધૈર્ય તમને સમાજ અને પરિવારમાં આદર અપાવશે.

**મકર** : વિવાદિત વ્યાપારિક કાર્યોમાં આર્થિક લાભનાં નવા સ્ત્રોત તરફ વિચાર - વિમર્શનો યોગ બને છે. ધર્મ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં ગહન ચિંતનનો યોગ બની રહ્યો છે.

**કુંભ** : જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. કૌટુંબિક, માંગલિક કાર્યોમાં વિશેષ ઉન્નતિકારક યોગ બની રહ્યો છે. જેના કારણે મન પ્રસન્ન રહેશે.

**મીન** : આપની મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાની સંભાવનાઓ છે. કુટુંબમાં સારું વાતાવરણ આપને પ્રગતિમાં સહાયરૂપ બની રહેશે. વિરાધીઓ પરેશાન કરી શકે છે.

## ચિરવિદાય

- સ્વ. અમરતબેન દાનાજી ચૌહાણ (ઉ.વ. ૬૦) મુ.પો. દોલારાણા વાસણા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. દલપતસિંહ સરદારસિંહ વાઘેલા (ઉ.વ. ૫૮) મુ.પો. નવા પીંપળજ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. કાળીદાસ મંગળદાસ પરમાર (ઉ.વ. ૭૫) પ્લોટ નં. ૧૧૪/૨, સેકટર-૩/એ, ગાંધીનગર.
- સ્વ. હરખાબેન નાથુભાઈ રબારી (ઉ.વ. ૮૦) મુ.પો.દશેલા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. નિર્મળાબેન ફરસુરામ માધુ (ઉ.વ. ૭૦) પ્લોટ નં. ૪૩૭/૨, સેકટર-૩/ડી, ગાંધીનગર.
- સ્વ. ઉદાજી મંગાજી ઠાકોર (ઉ.વ. ૮૦) મુ.પો. શિહોલી મોટી, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. રવિકુમાર પ્રવિણકુમાર ચાવડા (ઉ.વ. ૨૦) ૧૦/૧૬૯, પુષ્પક એપાર્ટમેન્ટ, સેકટર-૧૩/બી, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. દુર્ગાબિહારી દુર્ગાદેવી કૃષ્ણબિહારી સોડા (ઉ.વ. ૮૨) બ્લોક નં. ૫૨૨/૨, જ-ટાઈપ, સેકટર-૨૦, ગાંધીનગર.